# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૦ તા.૨૫-૧૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઓનલાઈન જિલ્લા ફેરબદલી કેમ્પ-૨૦૨૪ બદલી કેમ્પ અંગેનું સમયપત્રક બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૨૦૨૩-૨૪ તા.૦૯-૧૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઓનલાઈન જિલ્લા ફેરબદલી કેમ્પ-૨૦૨૪ બદલી કેમ્પ યોજવામાં આવેલ છે. જે અંગેનું સમયપત્રક આ સાથે સામેલ છે. જે અનુસાર નગર પ્રા.શિ.સમિતિ, અમદાવાદમાં કામ કરતા શિક્ષકોને અન્ય જિલ્લામાં એકતરફી જિલ્લા ફેર બદલી કરવા ઈચ્છતા હોય તેવા શિક્ષકોને ઓનલાઈન જીલ્લા ફેરબદલી કેમ્પની જાણકારી આપવામાં આવે છે.

બિડાણ :- ઓનલાઈન જિલ્લા ફેરબદલી કેમ્પ-૨૦૨૪ બદલી કેમ્પ અંગેનું સમયપત્રક

તા.૨૫-૧૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અગત્યનું, E-MAIL

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/2023 - 94
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તાઃ- ૦૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ(અરવલ્લી સિવાય)
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** જિલ્લા વિભાજન/જિલ્લા ફેર (ઓનલાઇન-ઓફલાઇન)બદલી કેમ્પનું આયોજન કરવા બાબત.

**સંદર્ભઃ-** ૧.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1) તાઃ-૧૧/૦૫/૨૩.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1) તાઃ-૦૫/૦૭/૨૩
૩.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1) તાઃ-૦૮/૦૮/૨૪.
૪.શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ- પીઆરઈ/૧૨૨૦૨૪/e-૨૭૯૮/ક, તાઃ- ૨૯/૧૦/૨૪.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના બદલી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોના પ્રકરણઃ- એલ અને એમ માં જિલ્લા ફેર એકતરફી ઓફલાઇન અને જિલ્લા એકતરફી ઓનલાઇન બદલી માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઇ મુજબ આ સાથે સામેલ સમય પત્રક મુજબ આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકના નીચે મુજબ બદલી કેમ્પ આયોજિત કરવા સુચના આપવામાં આવે છે.

- જિલ્લા વિભાજન કેમ્પ
  તાઃ- ૧૪/૧૧/૨૦૨૪(લાગુ પડતા જિલ્લા માટે)
- જિલ્લા ફેર બદલી (ઓફ લાઈન)
  તાઃ- ૨૦/૧૧/૨૦૨૪ (ધો-૧ થી ૫) – લાગુ પડતા જિલ્લા/નગર માટે
  તાઃ- ૨૧/૧૧/૨૦૨૪ (ધો-૬ થી ૮) – લાગુ પડતા જિલ્લા/નગર માટે
- જિલ્લા ફેર બદલી (ઓન લાઈન)
  તાઃ- ૨૩/૧૧/૨૦૨૪ થી તાઃ- ૧૪/૧૨/૨૦૨૪ ( પ્રથમ તબક્કો)
  તાઃ- ૧૬/૧૨/૨૦૨૪ થી તાઃ- ૩૧/૧૨/૨૦૨૪ (જનરલ તબક્કો)

જે જિલ્લાઓ/નગરમાં વિભાગ/વિષય મુજબ જિલ્લા ફેર બદલી માટેની પ્રતિક્ષા યાદી પૂર્ણ થયેલ નથી તેવા જિલ્લાઓ/નગરમાં ઉક્ત દર્શાવેલ સમયપત્રક મુજબ જિલ્લા ફેર બદલી કેમ્પ ઓફલાઇન પદ્ધતિથી કરવાના રહેશે. જિલ્લા ફેર ઓફલાઇન બદલી કેમ્પ માટે આપના જિલ્લા/નગરની ખાલી જગ્યાઓને ધ્યાને લઇ ઠરાવની જોગવાઇ મુજબ પ્રતિક્ષા યાદીના બે થી ત્રણ ગણા ઉમેદવાર બોલાવવાના રહેશે જેથી ખાલી રહેલ જગ્યાઓ માટે તબક્કો કરવાની જરુરીયાત રહે નહી. વધુમાં

પ્રતિક્ષા યાદીમાં રહેલ ઉમેદવારોને આપના જિલ્લા/નગરના જિલ્લા ફેર બદલી કેમ્પના સ્થળ, સમય અને તારીખની જાણકારી સમયસર થાય તે પ્રકારની વ્યવસ્થા પણ ગોઠવવા જણાવવામાં આવે છે. પ્રતિક્ષા યાદી મુજબના બોલાવવાના થતા તમામ ઉમેદવારોને કેમ્પના બે થી ત્રણ દિવસ પહેલા જાણ થાય તે મુજબ પત્રવ્યવહાર કરવાનો રહેશે. તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી આખરી શ્રેયાનતા યાદી તમામ ઉમેદવારો સુધી પહોચે તે મુજબની પણ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ઉપરોકત ઓફલાઇન જિલ્લા ફેર બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઠરાવની જોગવાઈ મુજબ જે જિલ્લાઓમાં વિભાગ/વિષય મુજબ પ્રતિક્ષા યાદી પૂર્ણ થયેલ છે તેવા જિલ્લા/નગરોમાં જિલ્લા ફેર બદલી કેમ્પ ઓનલાઈન પદ્ધતિથી નીચે દર્શાવેલ સુચનાઓને ધ્યાને રાખી કરવાના રહેશે.

## જિલ્લા ફેર બદલી (ઓનલાઇન) સમયે ધ્યાને રાખવાની બાબતોઃ-

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ **www.dpegujarat.in** ઉપર Default Password થી Login થવાનુ રહેશે તથા Password બદલીને ખાલી જગ્યાઓની પોર્ટલ પર એન્ટ્રી કરવાની રહેશે.
2. ખાલી જગ્યાઓ અપલોડ કરતી વખતે તમામ પ્રકારની બદલીમાં જે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક મહેકમના કારણે છૂટા ન થયેલ હોય તેવા કિસ્સામાં શિક્ષકની હાલની શાળા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને જે શાળામાં હુકમ કરવામાં આવ્યો છે તે જગ્યા ભરાયેલી ગણવાની રહેશે.
3. આપના જિલ્લામાં કાર્યરત શાળાઓની વિગતો અનુસાર (તાલુકાનુ નામ, શાળાના નામ, શાળાના ડાયસકોડ, પે-સેન્ટરના નામ અને પે-સેન્ટરના ડાયસકોડ)ની વિગતો તેમજ ઓકટોબર-૨૦૨૪ની સ્થિતિએ શાળાના માસિક પત્રકોની ચકાસણી કરીને જ તાઃ-૩૧/૧૦/૨૦૨૪ની સ્થિતિએ નિવૃતિથી ખાલી પડતી જગ્યાઓ ધ્યાને લઇ ચોખ્ખી ખાલી જગ્યાઓ ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
4. ઓનલાઇન પોર્ટલ પર જગ્યાઓ અપલોડ કર્યા બાદ કોઈ પણ સંજોગોમાં ખાલી જગ્યાનો પ્રકાર કે વિભાગ બદલી શકાશે નહી અને જગ્યા બદલવા અંગે કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની રહેશે.
5. આપના દ્વારા શાળા/ડાયસકોડ/ખાલી જગ્યાઓની વિગતો ખોટી અપલોડ કરવાને કારણે જે તે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા શાળા પસંદગી કરી લીધા બાદ બદલી હુકમનો અમલ કરવા બાબતે જો કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની રહેશે. .
6. શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ ઠરાવના પ્રકરણ-G સામાન્ય સૂચનાઓના ક્રમ-૧૩ ની જોગવાઈ મુજબ કોઈ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક પુખ્ત ઉંમર અને પુરતી સમજણ ધરાવતાં હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોઈ એકવાર ઓનલાઈન માંગણીની પસંદ કરેલ શાળાનો હુકમ કોઈ પણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. જેથી ખરેખર જિલ્લા ફેર બદલી કરાવવા ઈચ્છતા હોય તેવા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકે સુચવેલ વેબસાઈટ પર ઓનલાઈન જિલ્લા ફેર બદલીની અરજી કરવાની રહેશે.

7. જો કોઈ જિલ્લામાં કોઈ પણ જગ્યા માટે નામ.હાઈકોર્ટ દ્વારા વચગાળાના હુકમથી જે તે જગ્યા ખાલી રાખવા માટે હુકમ કરેલ હોય અને કેસનો આખરી ચુકાદો આવવાનો બાકી હોય તેવા કિસ્સામાં નામ.હાઈકોર્ટના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેથી નામ.હાઈકોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

8. જિલ્લા ફેર ઓનલાઈન બદલી કેમ્પ માટેની વિગતવાર સુચનાઓ હવે પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

<u>નોંધ ઉપર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર</u>

બિડાણઃ- સમયપત્રક

(ડૉ.એમ.એન.પટેલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજરશ્રી,ગુજરાત ઈન્ફો.પેટ્રો.લિ,બ્લોક નં ૧૫,બીજો માળ,ઉદ્યોગ ભવન સેકટર-૧૧,ગાંધીનગર

| બદલી કેમ્પ અંગેનું સમયપત્રક | | |
|---|---|---|
| ક્રમ | વિગત | તારીખ |
| ૧. | વધ પરત કેમ્પ | તાઃ- ૧૧/૧૧/૨૦૨૪ |
| ૨. | જિલ્લા વિભાજન કેમ્પ | તાઃ- ૧૪/૧૧/૨૦૨૪<br>(લાગુ પડતા જિલ્લા માટે) |
| ૩. | જિલ્લા ફેર બદલી કેમ્પ (ઓફ લાઇન) | તાઃ- ૨૦/૧૧/૨૦૨૪(ધો-૧ થી ૫)<br>તાઃ- ૨૧/૧૧/૨૦૨૪ (ધો-૬ થી ૮)<br>(લાગુ પડતા જિલ્લા/નગર માટે) |
| ૪. | જિલ્લા ફેર બદલી કેમ્પ (ઓનલાઇન) | તાઃ- ૨૩/૧૧/૨૦૨૪ થી તાઃ-૩૧/૧૨/૨૦૨૪<br>(લાગુ પડતા જિલ્લા/નગર માટે) |

| જિલ્લા ફેર બદલી કેમ્પ ( ઓનલાઇન) વિગતવાર સમયપત્રક | | |
|---|---|---|
| ૧. | તાઃ-૨૩/૧૧/૨૦૨૪ થી<br>તાઃ-૨૫/૧૧/૨૦૨૪ | ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન પોર્ટલમાં એન્ટર કરવાની કામગીરી (જિલ્લા કક્ષાએ) |
| ૨. | તાઃ- ૨૬/૧૧/૨૦૨૪ થી<br>તાઃ- ૨૭/૧૧/૨૦૨૪ | પોર્ટલ પર અપલોડ કરેલ ખાલી જગ્યાઓનું વેરિફિકેશન કરવાની કામગીરી (જિલ્લા દ્વારા) |
| ૩. | તાઃ-૨૮/૧૧/૨૦૨૪ થી<br>તાઃ-30/૧૧/૨૦૨૪ | શિક્ષક દ્વારા જિલ્લા ફેર બદલી માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી (શિક્ષક દ્વારા) |
| ૪. | તાઃ-૨૯/૧૧/૨૦૨૪ થી<br>તાઃ-૦૪/૧૨/૨૦૨૪ | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને માન્ય/અમાન્યના કારણ સહિત જિલ્લા કક્ષાએ રજુ કરવાની કામગીરી (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રી દ્વારા) |
| ૫. | તાઃ-૨૯/૧૧/૨૦૨૪ થી<br>તાઃ-૦૫/૧૨/૨૦૨૪ | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી લેખિત કારણ સહિત અરજદારને જાણ કરવાની અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી<br>(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| ૬. | તાઃ-૦૭/૧૨/૨૦૨૪ | રાજય કક્ષાએ વેરિફિકેશન તથા શિક્ષક દ્વારા કરેલ અરજીઓની સિનિયોરીટી યાદી પ્રસિદ્ધ કરવાની કામગીરી |
| ૭. | તાઃ-૧૦/૧૨/૨૦૨૪ થી<br>તાઃ-૧૧/૧૨/૨૦૨૪ | સિનિયોરીટી યાદીમાં સમાવિષ્ટ શિક્ષકો દ્વારા શાળા પસંદગી |
| ૮. | તાઃ-૧૩/૧૨/૨૦૨૪ | જિલ્લા ફેર બદલીના ઓર્ડર ઇશ્યૂ કરવાની કામગીરી |

| જિલ્લા ફેર બદલી –જનરલ કેમ્પ ( ઓનલાઇન ) | | |
|---|---|---|
| ૧. | તા:-૧૬/૧૨/૨૦૨૪ થી તા:-૧૭/૧૨/૨૦૨૪ | ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન પોર્ટલમાં એન્ટર કરવાની કામગીરી (જિલ્લા કક્ષાએ) |
| ૨. | તા:- ૧૮/૧૨/૨૦૨૪ | પોર્ટલ પર અપલોડ કરેલ ખાલી જગ્યાઓનુ વેરિફિકેશન કરવાની કામગીરી (જિલ્લા દ્વારા) |
| ૩. | તા:-૧૯/૧૨/૨૦૨૪ થી તા:-૨૦/૧૨/૨૦૨૪ | શિક્ષક દ્વારા જિલ્લા ફેર બદલી માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી (શિક્ષક દ્વારા) |
| ૪. | તા:-૧૯/૧૨/૨૦૨૪ થી તા:- ૨૨/૧૨/૨૦૨૪ | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને માન્ય/અમાન્યના કારણ સહિત જિલ્લા કક્ષાએ રજુ કરવાની કામગીરી (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રી દ્વારા) |
| ૫. | તા:-૧૯/૧૨/૨૦૨૪ થી તા:-૨૩/૧૨/૨૦૨૪ | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી લેખિત કારણ સહિત અરજદારને જાણ કરવાની અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| ૬. | તા:-૨૪/૧૨/૨૦૨૪ | રાજય કક્ષાએ વેરિફિકેશન તથા શિક્ષક દ્વારા કરેલ અરજીઓની સિનિયોરીટી યાદી પ્રસિધ્ધ કરવાની કામગીરી |
| ૭. | તા:-૨૭/૧૨/૨૦૨૪ થી તા:-૨૮/૧૨/૨૦૨૪ | સિનિયોરીટી યાદીમાં સમાવિષ્ટ શિક્ષકો દ્વારા શાળા પસંદગી |
| ૮. | તા:-૩૧/૧૨/૨૦૨૪ | જિલ્લા ફેર બદલીના ઓર્ડર ઇશ્યૂ કરવાની કામગીરી |